કલેક્ટર કચેરીમાં ૩૧ નાયબ મામલતદારોની બદલી કરાઈ

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે ૩૧ નાયબ મામલતદારની બદલી કરી વહીવટીય ફેરફારોનો ગંજીફો ચીપવામાં આવ્યો છે.

આજે બપોરે બદલીના કરાયેલા આ હુકમોથી તંત્રમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. લોકસભાની ચૂંટણીઓ સંપન્ન થતાં જ ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા નાયબ મામલતદારો સહિતના અધિકારીઓની બદલીના હુકમો કરાયા છે. આજે કરાયેલા આ બદલીના હુકમોમાં મહાનગરપાલિકા માટે સર્કલ ઓફિસરની નવી ઉભી કરાયેલી જગ્યા તેમજ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરોની ઉભી કરાયેલી જગ્યાઓ પર નિમણુંક આપતા હુકમો પણ કરવામાં આવ્યા છે.

બદલીના કરાયેલા આ હુકમો જમીન ફાળવણીના નાયબ મામલતદાર શ્રી ડી. આઈ. પટેલને કલોલમાં સર્કલ ઓફિસર તરીકે, શ્રીમતિ જયશ્રીબેન શાહને ઈ. ધારામાંથી જમીન ફાળવણી શાખામાં, એમ.બી. દરજી જમીન ફાળવણીને નાયબ મામલતદાર દબાણ, શ્રી આર.એ. રાવને વહી-૧ પરથી બદલી સર્કલ ઓફિસર દહેગામ તરીકે મુકવામાં આવ્યા છે. ચૂંટણી શાખાના કનુભાઈ પટેલને ઈ. ધારામાં તથા દબાણના શ્રી બિહોલાને પણ ઈ. ધારા મામલતદાર કચેરી ખાતે મુકવામાં આવ્યા છે.

નામ	હાલની જગ્યાનું નામ	બદલીથી નિમણૂંક આપેલ જગ્યાનુ નામ
શ્રી ડી.પી. વણકર	ના.મામ. (લોકસભા ચૂંટણી) કલે.-જિલ્લા ચૂંટણી અધિ. કલેક્ટર કચેરી, ગાંધીનગર	નાયબ મામલતદાર, (વસુલાત) મામલતદાર કચેરી, ગાંધીનગર (ખાલી જગ્યાએ)
શ્રી કે.એ. પટેલ	ના. મામ. (લોકસભા ચૂંટણી) કલે.-જિલ્લા ચૂંટણી અધિ.શ્રી કલેક્ટર કચેરી ગાંધીનગર	નાયબ મામલતદાર, (ઈ.ધરા) મામલતદાર કચેરી, ગાંધીનગર (શ્રીમતી જે.એન. શાહને બદલતા)
શ્રી એન.બી. ગોર	ના. મામ. (લોકસભા ચૂંટણી) કલે. અને જિલ્લા ચૂંટણી અધિ. શ્રી કલેક્ટર કચેરી ગાંધીનગર	નાયબ મામલતદાર, (મનર) કલેક્ટર કચેરી, ગાંધીનગર (ખાલી જગ્યાએ)
શ્રી પી.એમ. પરમાર	ના. મામ. (લોકસભા ચૂંટણી) મદદનીશ ચૂંટણી અધિકારી (૩૬-ગાંધીનગર ઉત્તર) અને પ્રાંત અધિકારીશ્રી, પ્રાંત કચેરી, ગાંધીનગર	સર્કલ ઓફિસર, મામલતદાર અને કૃષિપંચશ્રીની કચેરી, દહેગામ. (ખાલી જગ્યાએ)
શ્રી બી. જે. દંતાણી	ના. મામ. (લોકસભા ચૂંટણી) મદદનીશ ચૂંટણી અધિકારી (૩૫-ગાંધીનગર દક્ષિણ) અને નાયબ કલે. શ્રી (સ્ટેમ્પ ડ્યુટી), સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્રની કચેરી, ગાંધીનગર.	સર્કલ ઓફિસર, (દબાણ શાખા), કલેક્ટર કચેરી, ગાંધીનગર. (ખાલી જગ્યાએ)
શ્રી ટી.એફ. ઝાલા	ના. મામ. (લોકસભા ચૂંટણી) મદદનીશ ચૂંટણી અધિકારી અને નાયબ કલે. શ્રી (જ.સુ.)અપીલ ગાંધીનગર.	સર્કલ ઓફિસર-૧ (માણસા) મામલતદાર કચેરી, માણસા (ખાલી જગ્યાએ)
શ્રી કે.એ. શિકારી	ના. મામ. (લોકસભા ચૂંટણી) મદદનીશ ચૂંટણી અધિકારી (૩૮-કલોલ) પ્રાંત કચેરી કલોલ.	નાયબ મામલતદાર પ્રાંત અધિકારીશ્રીની કચેરી, કલોલ. (ખાલી જગ્યાએ)
શ્રી એ.આઈ. પટેલ	ના.મામ. (લોકસભા ચૂંટણી) ખર્ચ મોનીટરી સેલ ગાંધીનગર.	સર્કલ ઓફીસર, (કલોલ) મામલતદાર કચેરી, કલોલ (ખાલી જગ્યા)
શ્રી જે.વી. પરમાર	ના.મામ. મદદનીશ ચૂંટણી અધિકારી (૩૪-દહેગામ) અને જિલ્લા પુરવઠા અધિ. શ્રી ગાંધીનગર.	(લોકસભા ચૂંટણી) પુરવઠા નિરીક્ષક, જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
શ્રી આઈ.વી. દેસાઈ	ના.મામ.(લોકસભા ચૂંટણી) મામલતદાર કચેરી, ગાંધીનગર.	નાયબ મામલતદાર (ઈમર્જન્સી રીસ્પોન્સ સેન્ટર) મામલતદાર કચેરી માણસા અને વધારાનો હવાલો ના.મામ. કૃષિપંચ, માણસા (ખાલી જગ્યાએ)
શ્રી બી.વી. ચાવડા	ના.મામ.(લોકસભા ચૂંટણી) રાજ કક્ષાના કોલ સેન્ટર (કન્ટ્રોલરૂમ) ગાંધીનગર	સર્કલ ઓફિસર, માણસા-૨, મામલતદાર કચેરી, માણસા
શ્રી એસ.એ. પરમાર	ના.મામ.(લોકસભા ચૂંટણી) મામલતદાર કચેરી, ગાંધીનગર.	નાયબ મામ. (ઈમર્જન્સી રીસ્પોન્સ સેન્ટર) મામલતદાર કચેરી, દહેગામ (નવી મંજુર થયેલ જગ્યાએ)
શ્રી જી.એસ. પ્રજાપતિ	ના.મામ(લોકસભા ચૂંટણી) તાલુકા પંચાયત કચેરી ગાંધીનગર.	સર્કલ ઓફિસર, ગાંધીનગર મામલતદાર કચેરી, ગાંધીનગર. (શ્રી રોહિત પટેલને બદલતા)
શ્રી આર.પી. ઠાકોર	ના.મામ.(લોકસભા ચૂંટણી) તાલુકા પંચાયત કચેરી, ગાંધીનગર	સર્કલ ઓફિસર, મામલતદાર અને કૃષિપંચની કચેરી, માણસા. (ખાલી જગ્યાએ)
શ્રી આઈ.વી. દેસાઈ	ના.મામ.(લોકસભા ચૂંટણી) મામલતદાર કચેરી દહેગામ.	નાયબ મામલતદાર, (મ.ભો.યો.) મામલતદાર કચેરી, દહેગામ. (ખાલી જગ્યાએ)
શ્રી પી.જે. પરમાર	ના. મામ. (લોકસભા ચૂંટણી) મામલતદાર કચેરી કલોલ.	નાયબ મામલતદાર, વહટ-૧, કલે. કચેરી, ગાંધીનગર. (શ્રી રાવને બદલતા)
શ્રી પી.વી. ગોહીલ	ના.મામ. (લોકસભા ચૂંટણી) મામલતદાર કચેરી માણસા.	નાયબ મામલતદાર, (તિજોરી) મામલતદાર કચેરી, માણસા. (ખાલી જગ્યાએ)
શ્રી બી.પી. પટેલ	ના.મામ. (લોકસભા ચૂંટણી) મામલતદાર કચેરી માણસા.	નાયબ મામલતદાર, મામલતદાર કચેરી, માણસા. (નવી મંજુર થયેલ જગ્યાએ)
શ્રી બી.સી. વ્યાસ	ના.મામ. (લોકસભા ચૂંટણી) રાજ કક્ષાના કોલ સેન્ટર (કન્ટ્રોલરૂમ) ગાંધીનગર. (નવી મંજુર થયેલ જગ્યાએ)	નાયબ મામલતદાર, (ઈમર્જન્સી) રીસ્પોન્સ સેન્ટર) કલેક્ટર કચેરી, ગાંધીનગર.
કુ.આર. જે. માહયાવંશ	ના.મામ. (લોકસભા ચૂંટણી) રાજ કક્ષાના કોલ સેન્ટર (કન્ટ્રોલરૂમ) ગાંધીનગર.	નાયબ મામલતદાર(મ.ભો.યો.) મામલતદાર કચેરી, ગાંધીનગર. (ખાલી જગ્યાએ)
શ્રીમતી સી.જે. પટેલ	ના.મામ. (લોકસભા ચૂંટણી) રાજ્યકક્ષાના કોલ સેન્ટર (કન્ટ્રોલરૂમ) ગાંધીનગર	સર્કલ ઓફિસર, મહાનગરપાલિકા ગાંધીનગર, (નવી મંજુર થયેલ જગ્યાએ)
શ્રીમતી આર.એ. મકવાણા રાજ કક્ષાના કોલ સેન્ટર	ના.મામ. (લોકસભા ચૂંટણી) જિલ્લા પુરવઠા (કન્ટ્રોલરૂમ) ગાંધીનગર.	નાયબ મામલતદાર, (પુરવઠા) અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
શ્રી એચ.એચ. નાયક	ના.મામ. (લોકસભા ચૂંટણી) ખર્ચ મોનીટરી સેલ ગાંધીનગર.	નાયબ મામલતદાર (ઈમર્જન્સી રીસ્પોન્સ સેન્ટર) મામલતદાર કચેરી, કલોલ. (નવી મંજુર થયેલ જગ્યાએ) અને નાયબ મામલતદાર (મ.ભો.યો.)નો વધારાનો હવાલો
શ્રીમતી જે.એન. શાહ	નાયબ મામલતદાર(ઈ-ધારા) મામલતદાર કચેરી ગાંધીનગર.	નાયબ મામલતદારશ્રી, (યુ-અ) જમીન ફાળવણીની શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગર (શ્રી દરજીને બદલતા)
શ્રી આર.એ. રાવ	નાયબ મામલતદાર, વહટ-૧, કલે. કચેરી, ગાંધીનગર.	સર્કલ ઓફીસરશ્રી, (દહેગામ) મામલતદાર કચેરી, દહેગામ. (ખાલી જગ્યાએ)
શ્રી એમ.બી. દરજી	નાયબ મામલતદાર યુ-અ, જમીન ફાળવણી શાખા, કલેક્ટર કચેરી ગાંધીનગર	નાયબ મામલતદાર, (દબાણ), કલેક્ટર કચેરી, ગાંધીનગર (શ્રી બિહોલાને બદલતા)
ડી.આઈ. પટેલ	નાયબ મામલતદારશ્રી, યુ-ક, મામલતદારશ્રી જમીન ફાળવણી શાખા કલે. કચેરી, ગાંધીનગર.	સર્કલ ઓફિસર, મામલતદાર અને કૃષિપંચશ્રીની કચેરી, કલોલ.
રોહીત ડી. પટેલ	સર્કલ ઓફીસર, મામલતદાર કચેરી, ગાંધીનગર.	નાયબ મામલતદાર (યુનિટ-ક), જમીન ફાળવણી શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગર. (શ્રી ડી.આઈ. પટેલને બદલતા)
આર.એલ. બિહોલા	નાયબ મામલતદાર (દબાણ) કલેક્ટર કચેરી, ગાંધીનગર.	નાયબ મામલતદાર(ઈ-ધરા) મામલતદાર કચેરી, ગાંધીનગર (નવી જગ્યાએ)
શ્રીમતી ડી.જે. પંડ્યા	નાયબ મામલતદાર, (પુરવઠા) જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.	નાયબ મામલતદાર (મ.ભો.યો.) કલેક્ટર કચેરી, ગાંધીનગર. (શ્રીમતી ડી.પી. પટેલને બદલતા)
શ્રીમતી ડી.પી. પટેલ	નાયબ મામલતદાર(મ.ભો.યો.) કલેક્ટર કચેરી, ગાંધીનગર.	નાયબ મામલતદાર (પુરવઠા) જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર (શ્રીમતી પંડ્યાને બદલતા)

વડીલોને વંદન અભિનંદન

કાન્તાબેન બાબુભાઈ પટેલ
(૧૯૩૮)ફોનઃ૨૩૨૨૭૧૫૪



ચંદ્રવદન આર. મોદી
(૧૯૩૩)મો.૯૪૨૮૦૧૬૦૭૬

ગોવર્ધનનાથજીની હવેલીમાં રથયાત્રાનો દર્શનનો સમય

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખશ્રી દિનેશભાઈ એફ. શાહે જણાવેલ છે કે શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ગાંધીનગરમાં તા. ૨૯મી જુન રવિવારના દિવસે રથયાત્રા નિમિત્તે દર્શનનો સમય આ પ્રમાણે રહેશે.

મંગળા સવારે ૭.૩૦ થી ૮.૦૦ કલાકે, શ્રૃંગાર સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ કલાકે, રાજભોગ ભીતરમાં. ૧લો ભોગ-૧૧.૩૦ થી ૧૨.૦૦ કલાક, ૨જો ભોગ ૧૨.૩૦ થી ૧.૦૦ કલાક બપોરે, ૩જો ભોગ ૧.૩૦ થી ૨.૦૦ કલાક બપોરે, ૪ થો ભોગ ૨.૩૦ થી ૩.૦૦ કલાક બપોરે. ઉત્થાપન અને સંધ્યાઆરતી ભીતરમાં થશે. જયારે શયનના દર્શન

શબ્દાવલી - ૫૪૩૧

૧	૨	૩	૪	■	૫		
૬				■		■	■
૭		■	■	૮			૯
■		■	૧૦		■	■	
૧૧	■	■	૧૨		૧૩	૧૪	■
૧૫	૧૬	૧૭	■	૧૮			૧૯
૨૦				■		■	
૨૧			■	૨૨			

આડી ચાવી

૧. આત્મહત્યા, જીવહત્યા(૪)
૫. એક મિષ્ઠાન (ખાસ તહેવાર બને) (૩)
૬. કાઢઘાલ, ખટપટ (૪)
૭. કિનારો, આરો (૨)
૮. નૉટી, તોફાની ટીખળી(૪)
૧૦. માતા અને પિતા, બા અને... (૨)
૧૨. પડઘો, ચક (૪)
૧૫. એક પ્રખ્યાત ડાન્સર જૂના ફિલ્મની અભિનેત્રી (૩)
૧૮. બકબક, લપલપ (૪)
૨૦. સંબંધ, ઘરવટ ધીરધાર કે લેવડદેવડનું કામ (૪)
૨૧. માંગ (સમયની) ચાંપતી ઉઘરાણી (૩)
૨૨. પુરૂં કરવું (૪)

ઊભી ચાવી

૧. દુઃખ, સદમો (૩)
૨. ફેરવવું, પલોટવું (૪)
૩. 'મેધા' શબ્દ ઊંધો (૨)
૪. એક તેલીબીયાં (૨)
૫. ઘુમટો, ગુબંજ, લાજ (૩)
૮. સાવ જાય તેવું, નઠારું (૪)
૯. એક શુદ્ધતાનું માપ (૨)
૧૦. એક પંખી (૨)
૧૧. મોટી વાતને ટૂંકમાં સમજાવવા લોકવાયકા જેવું ઉદાહરણ અપાય તે (૪)
૧૩. નજીક, પાસે (૩)
૧૪. લોખંડ વગેરે ધાતુને... લાગે (૨)
૧૬. લટકા કરી બોલવું તે (૩)
૧૭. નવાજવું તે, ભેટ આપવી મહેમાન... (૩)
૧૯. એક સ્વાદ, કારેલા જેવું(૩)

શબ્દાવલી ૫૪૩૦ના જવાબ

આડી ચાવી :- (૧) દોહિત્ર (૩) મતલબ (૬) રામ (૭) પગરવ (૮) વનરાજ (૯) વર્ષા (૧૨) શરપાવ (૧૪) રજત (૧૫) નવા (૧૬) નગદ (૧૮) મના (૧૯) પ્રયોજન

ઊભી ચાવી :- (૧) દોરા (૨) હિમવર્ષા (૩) મગજ (૪) તર (૫) લવણ (૭) પરાગરજ (૯) વરદાન (૧૦) ધ્રુવ (૧૧) અછોવાના (૧૨) શરદ (૧૩) પાતળિયો (૧૫) નમન (૧૭) ગતી

દેના બેંક દ્વારા સાળંગપુર હનુમાન ખાતે ધિરાણ વિતરણ શિબિર યોજાઈ

નવનિર્મિત બોટાદ જિલ્લાના ૧૫૦૦ લાભાર્થીઓને રૂપિયા ૨૮ કરોડથી વધુના ધિરાણનું વિતરણ કરાયું : બીપીએલ કુટુંબની ૭૭ બાળાઓને શિષ્યવૃત્તિ અપાઈ

ગાંધીનગર, તા. ૨૬

દેના બેંક દ્વારા સાળંગપુર હનુમાન ખાતે તા. ૧૮મી જૂને એક મહા ધિરાણ વિતરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બેંક દ્વારા ખેડૂતો, નાના ધંધાર્થીઓ, વિદ્યાર્થીઓ તથા અન્યો મળીને કુલ ૧૫૦૦ જેટલા લાભાર્થીઓને વિવિધ ધિરાણ યોજના હેઠળ કુલ રૂપિયા ૨૮ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું હતું.

આ મહાધિરાણ વિતરણ શિબિરમાં દેના બેંકના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર અશ્વીનીકુમાર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બોટાદ જિલ્લાના કલેક્ટર વી.સી. વર્મા, દેના બેંકના જનરલ મેનેજર કે.સી. છીપા તેમજ ભાવનગર ઝોનના ઝોનલ મેનેજર મહેન્દ્ર શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બેંક દ્વારા વિવિધ ધિરાણ યોજનાઓ અંતર્ગત કુલ રૂપિયા ૨૮ કરોડ ઉપરાંતનું ધિરાણ ૧૫૦૦ લાભાર્થીઓને આપવામાં આવ્યું હતું. ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદ તેમજ અમરેલી જિલ્લાની દેના બેંકની તમામ શાખાઓમાં બચત ખાતુ ધરાવતા અને પાત્રતા ધરાવતા દરેક સખી મંડળોને ધિરાણ મંજૂર કરી ૧૦૦ ટકા ક્રેડિટ લિંકેજ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બેંક દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે તેમજ બેંકના ૭૭માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે બીપીએલ કાર્ડધારકો ધરાવતા કુટુંબોની ધોરણ-૮ માં અભ્યાસ કરતી કુલ ૭૭ બાળાઓને શિષ્યવૃત્તિ આપવાનું નક્કી કરીને બેંકના ચેરમેન અશ્વનીકુમારના હસ્તે ૫૦ બાળાઓને આ કાર્યક્રમમાં શિષ્યવૃત્તિનું સ્થળ પર વિતરણ કરવામાં આવ્યું હતું.

બેંકના ચેરમેન અશ્વનીકુમારે તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં નવનિર્મિત બાટોદ જિલ્લાની લીડબેંકની જવાબદારી દેના બેંકના શિરે હોવાથી જિલ્લાના દરેક વર્ગના આર્થિક અને સામાજિક વિકાસ માટે બદ્ધતા દર્શાવી હતી. તેમણે આ જિલ્લાના દરેક વ્યક્તિને તેની પાત્રતા મુજબ લોન સહેલાઈથી મળી રહે તે માટે શાખાઓને નિર્દેશ આપ્યા હતા. કલેક્ટર વર્મા સાહેબે જિલ્લાના બરવાળા અને રાણપુર તાલુકાના અલ્પવિકિસિત વિસ્તારો માટે ઝુંબેશ ઉઠાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે બેંક દ્વારા નવા પાંચ ખેડૂત મંડળોની રચના કરવામાં આવી હતી.

રથયાત્રાને લઈને સમગ્ર અમદાવાદ શહેર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે.

ટેટ-૧ માર્કશીટ વિતરણ ૩૦ જૂનથી કરવા નિર્ણય

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મે-૨૦૧૪માં ટેટ-૧ની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરીણામ શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર ૧૪ જૂન ૨૦૧૪ના રોજ જાહેર કરવામાં આવ્યું હતુ ત્યારે હવે ઉમેદવારોને તબક્કાવાર માર્કશીટ વિતરણનો વ્યવસ્થા શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે. જે મુજબ ઉમેદવારોએ જે તે દિવસે જિલ્લા વિતરણ કેન્દ્ર ખાતેથી પોતાની માર્કશીટ સવારનાં ૧૦:૦૦ કલાકથી ૫:૦૦ કલાક દરમિયાન મેળવી રહેવાની રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લા વિતરણ કેન્દ્રો ખાતેથી ગુજરાતી, સંસ્કૃત, ભુગોળ, તત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રની પરીક્ષા આપનાર ઉમેદવારીની માર્કશીટ તારીખ ૩૦ જૂન ૨૦૧૪ સોમવારના રોજ વિતરણ કરાશે.

કંપની સમાચાર

નિવિયા ઈન્ડિયાએ સાણંદ ખાતે મેન્યુફેકચરિંગ પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી

બેઈયર્સડોર્ફ એજી સાથે જોડાયેલ નિવિયા ઈન્ડિયાએ ગુજરાતમાં સાણંદ ખાતે તેનો ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી છે. બેઈયર્સડોર્ફના ખાસ મહેમાનોની હાજરીમાં ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. બેઈયર્સડોર્ફ એજીના સુપરવાઈઝરીના ચેરમેન પ્રો. ડૉ. રેઈનહાર્ડ પોલાથ અને બેઈયર્સડોર્ફ એજીના એકિઝકયુટીવ બોર્ડ મેમ્બર શ્રી સ્ટીફન ડી લોઈકર, ફેડરલ રિપબ્લિક ઓફ જર્મનીના ડેપ્યુટી કાઉન્સિલ જનરલ શ્રી માઈકલ ઓટ્ટ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

આ પ્રસંગે નિવિયા ઈન્ડિયાના મેનેજીંગ ડિરેકટર શ્રી રક્ષિત હાર્ગવે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં કંપની દ્વારા કરવામાં આવેલ પ્રગતિ અંગે માહિતી આપી હતી શ્રી સ્ટીફન ડી લોઈકરે જણાવ્યું હતું કે ભારતમાં વિશ્વકક્ષાની સુવિધા સ્થાપવા બેઈયર્સડોર્ફ પાસે વૈશ્વિક સ્તરે રહેલી ટેકનોલોજીસ આ સુવિધાથી આગળ વધાવામાં મદદરૂપ બનશે. આ ફેકટરીમાં ભારતીય ગ્રાહકની જરૂરિયાત તથા અન્ય બજારો માટે નવીનતમ વિશેષતા પર ધ્યાન આપે તેવા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરનો સમાવેશ થાય છે. ભારતમાં પોતાની ઉપસ્થિતિને વેગ આપવા લાંબા ગાળાની બાંહેધરી આપતા નિવિયાનો નવો પ્લાન્ટ વિવિધ તબક્કામાં વધુ વિસ્તરણ સાથે આગામી વર્ષ ૨૦૧૫માં તૈયાર થઈ જાય તેવી શકયતા છે.

આ પ્લાન્ટ ખાતે સ્કીન કેરને લગતી વિવિધ પ્રોડકટરનું ઉત્પાદન કરવામાં આવશે. આ પ્લાન્ટ એલઈઈડીથી પ્રમાણિત કરવામાં આવશે. આ ફેકટરીની સ્થાપના થવાથી નિવિયા બ્રાન્ડ બજારથી વધુ નજીક આવશે અને ભારતીય ગ્રાહકની જરૂરિયાતને ઝડપભેર પૂર્ણ કરશે.

સારો વરસાદ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કૃષિ મંત્રાલય અને હવામાન વિભાગે દેશમાં મોનસુનની પ્રગતિના સંદર્ભમાં વાતચીત કરી હતી. આ ઉપરાંત ડાંગર સહિત ખરીફ પાકના વાવણી ઓપરેશનના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. એક સપ્તાહનો વિલંબ મોનસુનમાં થઈ ચુક્યો છે. જોકે સાતમી જુલાઈ બાદ સારો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગનું કહેવું છે કે, અલનીનોની અસર પણ ઘટી રહી છે. અગાઉ જેવી અપેક્ષા હતી તેની સરખામણીમાં અસર ઘટી રહી છે. પ્રધાને કહ્યું હતું કે, સ્થિતિ એટલી ખરાબ નથી કે જેટલી અપેક્ષા હતી.

જો પરિસ્થિતિ સામાન્ય કરતા ઓછા વરસાદથી બગડશે તો પણ અમે સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છીએ. ૧૭મી જુન સુધી પ્રથમ તબક્કામાં ભારતમાં ૪૫ ટકાથી ઓછો વરસાદ થયો છે. હવામાન વિભાગે સામાન્ય કરતા ઓછા વરસાદની વાત કરી છે. લોન્ગ પીરિયડ એવરેજના ૯૩ ટકા વરસાદની આ વખતે વાત કરવામાં આવી છે. સિંહે કહ્યું હતું કે, કોન્ટીજેન્સી યોજના તૈયાર કરી લેવામાં આવી છે.

રાજ્યોને જરૂરી આદેશો પણ આપી દેવામાં આવ્યા છે. ખરાબ મોનસુનની સ્થિતિમાં નાણાકીય પેકેજ અંગે પુછવામાં આવતા પ્રધાને કહ્યું હતુ કે, આ મુદ્દે જુદા-જુદા મંત્રાલયો સાથે વાતચીત થશે ત્યારબાદ કેબિનેટ સમક્ષ દરખાસ્ત રજૂ થશે.પ્રધાને માહિતી આપી હતી કે, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ઉપલબ્ધ ફંડના ૧૦ ટકા ફંડને દુષ્કાળ જેવી સ્થિતિને હળવી કરવા અલગ રીતે રાખવાની સુચના અપાઈ છે. સુત્રોના જણાવ્યા મુજબ અન્ય મુદ્દાઓ ઉપર પણ આમા ચર્ચા થઈ હતી.

ડાંગરનું ધરૂવાળીયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ બનવા પામેલ છે. ડાંગરના વાવેતર માટે એક વીઘા જમીનમાં લગભગ બીજા પાકના ૧૦ થી ૧૨ પાકનું વાવેતર થઈ શકે તેટલું પાણીની જરૂર પડે છે. આથી પિયત જમીન હોવા છતાં પાણીના ખેંચની સમસ્યા ઉભી થઈ શકે છે. હજુ સુધી મેગરાજાની મહેર થઈ ન હોવાથી ખેડૂતોનું આ પગલું આશ્ચર્યનજક અને અન્ય ખેડૂતોના પાક આયોજનને નિષ્ફળ બનાવી શકે તેવું સાબિત થઈ રહ્યું છે.

ઝુંબેશ ચોજો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે દરેક જિલ્લામાં સરેરાશ ૧૦ હજારથી લઈ ૬૦ હજાર સુધી પડતર નોંધોનો નિકાલ બાકી હોવાનું જણાવ્યું છે. હવે નવા આદેશને પગલે ત્રણ માસ ઉપરની તમામ નોંધોનો નિકાલ કરવા માટે કહેવામાં આવ્યું છે. તંત્ર આને કારણે લોકાભિમુખ બનશે. જિલ્લાઓમાં તો કાચી નોંધ એક જ દિવસમાં પાડી આપવામાં આવે છે પરંતુ નોંધ પાડી તેનો આખરી નિકાલ કરવામાં વિલંબ થતો હોય છે.

નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી, ગાંધીનગર

ટૂંકી જાહેર નિવિદા ક્રમાંક : કામાવિ/મકમ/૧/૧૪-૧૫

નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતોની વડી કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તકની તાબાની કચેરીઓમાં મેન્યુઅર આસીસ્ટન્ટ (વર્ગ-૪)ની જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટેની કોરા ટેન્ડર ફોર્મ તા. ૧/૭/૧૪ થી તા. ૧૫/૭/૧૪ સુધી ૧૨-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન આ માટેની ફી રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા) રોકડા ભર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. ટેન્ડર સાથેની શરતો / સુચનાઓ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપર જોઈ શકાશે.

સહી/-
નાયબ નિયંત્રક,
કાનુની માપ વિજ્ઞાન અને
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૫૩૨/૧૪-૧૫

આપઘાતનું નાટક...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામમાં ફોન લાગ્યો હતો. ફોન ઉપાડનાર વ્યક્તિએ કહ્યું કે આ મારા દીકરાનો મોબાઈલ છે અને ગઈ કાલે રાત્રે તેનો ફોન આવ્યો હતો કે હું કેનાલમાં આપઘાત કરું છુ. ત્યારથી અમે ચિંતામાં છીએ. સ્થળ જાણીને પરિવારજનો લીબડીયા કેનાલ પર પહોંચ્યા અને રોકકળ શરુ કરી દીધી હતી. તરવૈયાની મદદથી પોલીસે શરુ કરેલી શોધખોળને પાંચ કલાક થઈ ગયા પરંતુ કેનાલના પાણીમાંથી યુવાન મળી આવતો ન હતો. અચાનક બપોરે બીજા એક નંબર પરથી યુવકનો ફોન તેના પિતા પર આવ્યો કે તે એક સંબંધીના ત્યાં બેઠો છે અને જીવે છે. યુવાનના આ નાટકે પરિવારજનોનો જીવ અદ્ધર કરી દીધો હતો.

ઘાસચારો ઉપલબ્ધ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં હાલ જળાશયોમાં પાણીની ઉપલબ્ધિ, પશુઓ માટે ઘાસચારા તથા વરસાદમાં વિલંબ થાય તો ખેડૂતોને પાક પધ્ધતિ બદલવા વારો આવે તે સંજોગોમાં બિયારણ, ખાતર ઉપલબ્ધિ અંગે સંપૂર્ણ સમીક્ષા સાથે વિગતવાર માહિતી મેળવી હતી.

મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી સૌરભભાઈ પટેલ, શ્રી બાબુભાઈ બોખિરીયા તેમજ રાજ્યમંત્રીઓ સર્વશ્રી જયંતિભાઈ કવાડીયા અને ગોવિંદભાઈ પટેલ સહિત મુખ્યસચિવશ્રી ડો. સિન્હા અને વરિષ્ઠ સચિવો આ બેઠકમાં ઉપસ્થિત રહયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ વરસાદ સમયસર ન થાય તેવા સંજોગોમાં સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત પ્રદેશમાં પીવાના પાણી માટે સ્થાનિક જળાશયો અને નર્મદાના પાણી બંને વચ્ચે સંકલન કરી નાગરિકોને પાણી પુરવઠો પૂરો પાડવામાં કોઈ અવરોધ ન રહે તેવું આયોજન કરવા માર્ગદર્શન આપ્યું હતું.

હાલ રાજ્યમાં કપાસ-મગફળી તેમજ દક્ષિણ ગુજરાતમાં શેરડી-કેળનું વાવેતર છે પરંતુ વરસાદમાં વિલંબની સ્થિતીમાં ખેડૂતોને અન્ય પાક પધ્ધતિ કઠોળ, જૂવાર, બાજરી, દિવેલાનું વાવેતર કરવા વારો આવે તો પણ પુરતું બિયારણ-ખાતર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા બેઠકમાં નકકી કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વરસાદના વિલંબની પરિસ્થિતી ભી થાય તો પશુધન માટે વનવિભાગ પાસે ઘાસચારાનો જથ્થો પૂરતી માત્રામાં છે તેની જાણકારી મેળવી હતી. આમછતાં, આગોતરા આયોજન રૂપે અન્ય રાજ્યોમાંથી ઘાસ લાવવા સાથે રાજ્યમાં સિંચાઈ કેનાલોની આસપાસની જમીનોમાં ઘાસ ઉગાડવા માટે ખેડૂતો માટે કોઈ ચોકકસ નીતિ તૈયાર કરવાની બાબતે પણ માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી.

C/o. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ત્રીજા માળે, જલસેવા ભવન, સેકટર-૧૦એ, એરફોર્સની સામે, ગાંધીનગર.

'ત્રીજો પ્રયત્ન'

જાહેર નિવિદા - ૩ સને ૨૦૧૪

ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી., ગાંધીનગરની વડી કચેરી માટે સ્ટેશનરી પુરી પાડવા માટેના ટેન્ડર ફક્ત રજી.પોસ્ટ. એડી/ સ્પીડ પોસ્ટ મારફતે સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ રૂ. ૬૦૦/-ની ટેન્ડર ફી હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૩૦/૬/૨૦૧૪ થી તા. ૫/૭/૨૦૧૪ સુધી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ભરેલ ટેન્ડર આ કચેરીને તા. ૧૧/૭/૨૦૧૪ના કચેરી સમય ૧૮-૧૦ સુધીમાં મળે તે પ્રમાણે મોકલી આપવાના રહેશે. નિયત તારીખ અને સમય પછી આવેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં. શક્ય હશે તો મળેલ ટેન્ડરો તા. ૧૫/૭/૨૦૧૪ના રોજ હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે. મળેલ ટેન્ડર મંજુર કે નામંજુર કરવા અથવા તેના કોઈ ભાગની મંજુરી આપવાની સત્તા જનરલ મેનેજરશ્રી (વ)ને અબાધિત રહેશે તે અંગેના કોઈ કારણો આપવામાં આવશે નહીં.

માહિતી/૫૨૨/૧૪-૧૫